દિ.દાવા.નં. ૩૦.૨૦૧૩

**<u>–::આંક– ૧ નીચે હુકમ::–</u>**

હાલનો દાવો વાદીએ પ્રતિવાદી વિરૂધ્ધ હકક સ્થાપન અને કાયમી તાકીદ મેળવવા માટે તા.૦૨/૦૩/૨૦૧૩ ના રોજ કરેલ. સદર કામ તા. ૨૦/૦૭/૨૦૧૭ ના રોજથી વાદીના પુરાવા માટે ચાલતુ હતુ. પરંતુ આજ દીન સુધી વાદીપક્ષે પુરાવો રજુ રાખેલ નથી. ત્યારબાદ તા. ૦૨/૦૮/૨૦૧૮ થી પ્રતિવાદી નં ૧ ગુજરી જતા તેના વારસો જોડવા માટે કામ ચાલતુ હતુ. પછી પ્રતિવાદી નં ૧ના વારસો જોડવાની અરજી આંક– ૩૬ ની અરજીની સુનાવણી માટે ચાલી આવેલ. તે સુનાવણીમા વાદી હાજર ન રહેતા તા. ૨૦/૧/૨૦૨૩ ના રોજ અરજી ફેંસલ કરવામા આવેલ. તેમજ રેકર્ડ જોતા વાદી કે તેના વકીલ શ્રી તા. ૧૬/૯/૨૦૨૨ બાદ કોર્ટમા હાજર રહેલ નથી કે કામ આગળ ચલાવેલ નથી. આજરોજ પણ વાદી કે તેના વકીલશ્રી હાજર નથી કે કોઈ સબમીશન કરેલ નથી. તે સંજોગોમા વાદીને તેનો દાવો આગળ ચલાવવામા કોઈ રસ જણાતો ન હોય, વાદીનો દાવો તેના પુરાવાના અભાવે તથા તેની ગેરહાજરી સબબ કાઢી નાખવાનો હુકમ કરવામા આવે છે.

તા. ૧૩/૦૪/૨૦૨૩
જંબુસર

(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)
એડી. સીવીજ જજ , જંબુસર
જીજે ૦૧૪૦૮